ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Department of Science & Technology
Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date: 13th June, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
..................................,
ભાવનગર.

## ગુજકોસ્ટ દ્વારા આયોજિત #FightAgainstCorona શીર્ષક હેઠળ થયેલ ચિત્ર અને શોર્ટ વીડિયો મેકિંગ સ્પર્ધાનું ભાવનગર જીલ્લાનું પરીણામ જાહેર.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

ગુજકોસ્ટ દ્વારા આયોજિત દ્વારા લોકડાઉન સમય દરમિયાન #FightAgainstCorona શીર્ષક હેઠળ ચિત્ર અને શોર્ટ વીડિયો મેકિંગ સ્પર્ધા આયોજન થયેલ. સ્પર્ધાના મુખ્ય વિષયોમાં COVID-19 થી બચવા શું કરવું, શું ન કરવું, અવૈજ્ઞાનિક વાઈરલ મેસેજનું ખંડન, રોગ પ્રતિકારક શક્તિ વધારવાના ઉપાયો, "ઘરે રહો સુરક્ષિત રહો" અનુરૂપ અન્ય નવા સુત્રો, 'કોરોના વોરીયર્સ' માટેના માસ્કની ડીઝાઇન જેવા મુદ્દાઓનો સમવેશ હતો. સ્પર્ધામાં કુલ ૧૩૦૯ લોકો એ ઉત્સાહભેર ભાગ લીધેલ. ચિત્ર અને શોર્ટ વીડિયો મેકિંગ સ્પર્ધાનું કુલ ત્રણ વિભાગમાં આયોજન થયેલ જેમાં ગ્રુપ ૧ (ધો.૧ થી ૮), ગ્રુપ ૨ (ધો.૯ થી ૧૨) અને ગ્રુપ-3 (ધો.૧૨ થી બાકીના તમામ).

પ્રત્યેક ગ્રુપ માંથી પ્રથમ, દ્વિતીય, તૃતીય તેમજ આશ્વાસન ઇનામ રોકડ રકમ રૂપે આપવામાં આવશે. તદુપરાંત તમામ વિજેતાઓને આગામી ૨૧મી જુન ૨૦૨૦ ના રોજ થનાર સૂર્ય ગ્રહણ નીહાળવા માટેના સોલારચશ્માં સાથે પીનહોલ કેમેરા તથા ખગોળીય ઘટનાની વિશેષ માહિતી આપતી કીટ ભેટ આપવામાં આવશે. આ પરિણામ અમારી વેબસાઈટ **www.krcscbhavnagar.org** પરથી જોઈ શકાશે. વિજેતાઓને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર પરિવાર અભિનંદન પાઠવે છે. વિજેતા થયેલ લોકોએ ઇનામ લેવા માટે આવતા સમયે વેબસાઈટ પર આપેલ સમય તેમજ આપેલ નિયમોનું સખ્ત પણે પાલન કરવાનું રહેશે.

13-6-20
11:10 AM
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.